**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૨/૧૦/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૧૪૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી ૪૮ વ્યક્તિઓને ઝડપી ૨૫૯ લીટર દેશી દારૂ, ૬૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયરટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૪૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૦/૧૫**

**સરદારનગરઃ** કલ્પેશભાઈ મોહનભાઈ વાઘેલા (રહે.શાસ્ત્રીચોક ડી' વોર્ડ કુબેરનગર) એ સીવીલ હોસ્પીટલ ખાતે સરદારનગર પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૫ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ડી વોર્ડ રામાપીર અંબાજી માતાના મંદિર નજીક ઘર નજીક રહેતા આરોપી (૧) ભોલો પરષોત્તમ ધમલ (૨) પલક પરષોત્તમ ધમલએ કલ્પેશભાઈ સાથે બોલા ચાલી ઝગડો કર્યો હતો. ત્યારવાદ કલ્પેશભાઈ અને તેમના ભાઈ પંકજભાઈ રાતના ૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક સોડાની દુકાને સોડા પીવા ગયા હતા ત્યારે આરોપી ભોલો અને પલકે, તલવાર અને છરી વડે હુમલો કરી કલ્પેશભાઈને માથાના ભાગે અને પંકજભાઈને પેટના ભાગે ગંભીર ઈજાઓ કરી મારી નાખવાની કોશિશ કરી બન્ને આરોપીઓ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી આર પરમાર ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૧૫૧/૧૫**

**રખિયાલઃ** અમરાઈવાડી વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની તરૂણીને તેના ઘર નજીક રહેતો આરોપી સંદિપસિહ ગોપાલસિહ ઠાકુર (મુળ વતન યુ.પી.) તા.૬/૧૦/૧૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે રખિયાલ કેવલકાટા એવન એસ્ટેટ નજીકથી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી લઈ જઈ તા.૧૯/૧૦/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન તરૂણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. આ અંગેની ફરીયાદ તરૂણીની માતાએ તા.૨૧/૧૦/૧૫ નારોજ રખીયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન એચ બ્રહ્મભટ્ટ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૨/૧૫**

**ચાંદખેડાઃ** મુગ્ધાક્ષી ભરતકુમાર કાપડીયા (ઉ.વ.૧૭) (રહે.હરી ઓમનગર વિભાગ-૧ મેટેરા ચાંદખેડા) ને તા.૨૧/૧૦/૧૫ સવારના ૧૦/30 વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી અવિનાશ જગદીશકુમાર મકવાણા (રહે.સઈજ ગામ તાલુકો કલોલ જીલ્લો ગાંધીનગર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ મુગ્ધાક્ષીના પિતા ભરતકુમાર કાપડીયાએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.શ્રી એમ કે બાંગા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૩/૧૫**

**મણીનગરઃ** રાજેશ ગુલાબસિંહ વર્મા (રહે.નવરંગ એપાર્ટમેન્ટ પતંજલી સ્ટોરની ગલીમાં જય હીન્દ ચાર રસ્તા પાસે મણીનગર) એ તા.૨૧/૧૦/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૫ સવારના ૯/30 થી સાંજના ૭/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું અને પાડોશીના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ બન્ને ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના કિમત રૂપિયા ૨,33,000/- અને રોકડ રૂપિયા ૧,૪૬,000/- મળી કુલ રૂપિયા 3,૭૯,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન એસ દેસાઈ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૪/૧૫**

**કારંજઃ** યાસીનબાનુ અબ્દુલહમીદ શેખ (રહે.રાબીયા ડુપ્લેક્ષ ગુજરાત ટ્ડે પ્રેસ નજીક શાહઆલમ) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૫ સવારના ૧૧/30 વાગે ધી કાંટા કોર્ટ કંપાઉન્ડમાં પાર્ક કરેલ પોતાનુ એકટીવા નંબર જીજે ૨૭ એસી ૬૪૦૮ ની ડેકીમાં મુકેલ રોકડ રૂપિયા ૫0,000/- અને એક્ટીવા કિમત રૂપિયા ૨0,000/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ભરતભાઈ નટવરલાલ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૧૫૫/૧૫**

**ચાંદખેડાઃ** ગીતાબહેન હીરાલાલ ચૌહાણ (ઉ.વ.૭0)(રહે.નિર્મીત રેસીડન્સી સંગાથ પ્લેટીના પાસે મોટેરા ચાંદખેડા) તા.૧૯/૧૦/૧૫ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાનાં) ગીતાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૧૮,000/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગીતાબહેન ચૌહાણે તા.૨૧/૧૦/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પે સી દેસાઈ ચલાવે છે

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૧૫૬/૧૫**

**ઘાટલોડીયાઃ** શીવલાલસીંગ ગંગાદાનસીંગ ઠાકુર (ઉ.વ.૪0) (રહે જે.સી.પી બીઝનેસ સેન્ટર મેમનગર ફાયર સ્ટેશન પાસે નવરંગપુરા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨0/૧0/૧૫ રાતના ૯/30 વાગ્યાના સુમારે શીવલાલસીંગના સાળા સહદેવસીંગ ઠાકુર ઘાટલોડીયા થલતેજ સનએન્ડ સ્ટેપ ક્લબની પાછળના ગેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સફેદ રંગની મારૂતી કાર નંબર જીજે ૧ બીપી ૬૧૨૮ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી સહદેવસીંગને ટક્કર મારતાં ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહિપતસિંહ તખતસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૧૫૭/૧૫**

**સાબરમતી :** નીલમબહેન રામમુરત (ઉ.વ.30)(રહે.રબારીવાસ કાળીગામ સાબરમતી) તા.૧૬/૧૦/૧૫ કલાક ૯/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઇ બનાવતાં હતા દરમ્યાન ચાલુ પ્રાઇમસમાં હવા પુરતા ભડકો થતાં શરીરે દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૧૦/૧૫ બપોરના ૧/30 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રશીકભાઈ વિઠ્ઠલભાઈ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૧૫૮/૧૫**

**માધવપુરાઃ** બંસીધર એસ્ટેટ નાગદેવ જોબ વર્ક નામના કારખાનામાં કામ કરતા ઉપેન્દ્ર સુકુલ બીન્દ (ઉ.વ.૨૦) (રહે. મુળ વતન ગામ ધોસવરી જીલ્લો પટના બિહાર) એ કોઇ કારણસર તા.૨૦/૧૦/૧૫ રાતના ૯/00 વાગ્યા થી તા.૨૧/૧૦/૧૫ કલાક 00/30 વાગ્યાના સમયગાળા દરમ્યાન કારખાનાના ધાબા ઉપર ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી છત્રસિહ ફતેસિહ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** ધીરૂભાઈ વીરજીભાઈ મકવાણા (ઉ.વ.૬૨) (રહે.અમુલ પાર્ક ઠક્કરનગર) એ બિમારીથી કંટાળી તા.૨૧/૧૦/૧૫ કલાક ૧૦/00 વાગ્યા પહેલાં કોઈપણ સમયે નહેરૂબ્રીજના નીચે પશ્ચીમ તરફ સાબરમતી નદીમાં પડી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આલાભાઈ વજશીભાઈ ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** બિન્દ્રાબહેન ભરતભાઇ પટેલ (ઉ.વ.૧૭) (રહે. પલકપાર્ક સોસાયટી કે.કેનગર રોડ ઘાટલોડીયા) એ ભણવા બાબતે ટેન્શનમાં આવી તા.૨૦/૧૦/૧૫ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે સ્પંદન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૧૦/૧૫ કલાક ૫/00 વાગે તેમનુ મૃત્યુ નિપજયું છે. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ તપાસ હે.કો.શ્રી મહિપતસિંહ તખતસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)